**નવી સેવા વર્ષ ૨૦૨૫-૨૬**

સી.આઈ.ડી. ક્રાઇમ ખાતે નાર્કોટીક્સ ઓપરેશનલ યુનિટ ANTF (Anti-Narcotics Task Force) નું માળખુ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: HD/MHK/e-file/8/2024/5678/C

સચિવાલય,ગાંધીનગર

તારીખ

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તારીખ ૨૯/૧૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ઈ/૧૫૩૬/ નવી સેવા ૨૦૨૫-૨૬/૨૪૫૭/૨૦૨૪

(૨) વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨માં પાન નં.૧૪૫ અને પાન નં.૧૨૧

**ઠરાવ :-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે તારીખ ૨૯/૧૧/૨૦૨૪ના પત્રથી સી.આઈ.ડી. ક્રાઇમ ખાતે નાર્કોટીક્સ ઓપરેશનલ યુનિટ “ANTF (Anti-Narcotics Task Force)”નું માળખુ મંજૂર કરવા માટે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ ૧૭૭ નવી જગ્યાઓ ઉભી કરવા તેમજ વાહનો-ફર્નિચર-આઈ.ટી.(Information Technology) સંસાધનો ખરીદવા માટે કુલ રૂપિયા ૧૨.૫૮ કરોડનીની નવી બાબતની જોગવાઇનો વિભાગના વર્ષ ૨૦૨૫ - ૨૬ના અંદાજપત્રમાં જોગવાઇ કરવા દરખાસ્ત કરેલ. જે સંદર્ભે વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવ્યા મુજબની જોગવાઇ વિભાગના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જે નવી બાબતની કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની મંજુરી આપવાની બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વર્ષ ૨૦૨૫ - ૨૬ ના અંદાજપત્રમાં સી.આઈ.ડી. ક્રાઇમ ખાતે નાર્કોટીક્સ ઓપરેશનલ યુનિટ “ANTF”નું માળખુ મંજૂર કરવા માટે પત્રક-અ મુજબની વિવિધ સંવર્ગની કુલ-૧૭૭ જગ્યાઓ માટે કુલ રૂપિયા ૧૦.૮૩ કરોડ અને પત્રક-બ,ક અને ડ મુજબના અનુક્રમે નવા વાહનો, આઈ.ટી સંસાધનો અને ફર્નિચર માટે રૂપિયા ૧.૭૫ કરોડ એમ કુલ ૧૨.૫૮ કરોડની (અંકે રૂપિયા બાર કરોડ અઠ્ઠાવન લાખ પૂરા) કરેલ નવી બાબતની જોગવાઇનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**પત્રક-અ**

| અ.નં. | હોદો | જગ્યાઓની સંખ્યા | નવા મુજબ પગાર ધોરણ | ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ છે? |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પોલીસ અધિક્ષક | ૦૧ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ | ના |
| ૨ | બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક | ૦૫ | ૫૬૧૦૦-૧૭૭૫૦૦ | હા |
| ૩ | બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર | ૧૦ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ | ના |
| ૪ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૧૫ | ૩૯૯૦૦૦-૧૨૬૬૦૦ | હા |
| ૫ | (વાયરલેસ) પોલીસ સબ ઇન્સ્પેક્ટર (ટેક્નીકલ ઓફીસર) | ૦૯ | ૩૯૯૦૦૦-૧૨૬૬૦૦ | ના |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૪૭ | ૨૧૭૦૦-૬૯૧૦૦ | ના |
| ૭ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૭૫ | ૧૮૦૦૦-૫૬૯૦૦ | હા |
| ૮ | કચેરી અધિક્ષક | ૦૧ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ | ના |
| ૯ | જુનીયર ક્લાર્ક | ૦૧ | ૧૯૯૦૦-૬૩૨૦૦ | ના |
| ૧૦ | સાયબર એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૧ | ડાર્ક વેબ એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૨ | ક્રિપ્ટો એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૩ | ઇથીકલ હેકીંગ એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૪ | નેટવર્ક એડમીનીસ્ટ્રેટર (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૫ | ડેટા એનાલીસીસ એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૬ | કાયદા અધિકારી (આઉટસોર્સ) | ૦૧ | - | ના |
| ૧૭ | પટ્ટાવાળા (આઉટસોર્સ) | ૦૬ | - | ના |
| | કુલ | ૧૭૭ | | |

**પત્રક-બ**

| ક્રમ | વાહનનું નામ | નંગ | ખર્ચની રકમ (કરોડમાં) |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ઈનોવા | ૧ | ૦.૧૯ |
| ૨ | બોલેરો | ૫ | ૦.૪૩ |
| ૩ | લાઇટ વાન | ૧ | ૦.૧૯ |
| ૪ | મોટર સાયકલ | ૧૦ | ૦.૧૦ |
| | કુલ | ૧૭ | ૦.૯૨ |

**પત્રક-ક**

| ક્રમ | આઈ.ટી સંસાધનનું નામ | નંગ | ખર્ચની રકમ (કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર | ૨૦ | ૦.૧૪ |
| ૨ | લેપટોપ | ૦૨ | ૦.૦૨ |
| ૩ | મલ્ટી ફંક્શન પ્રિંટર | ૦૫ | ૦.૦૨ |
| ૪ | ઝેરોક્ષ મશીન | ૦૩ | ૦.૦૫ |
| | કુલ | ૩૦ | ૦.૨૩ |

**પત્રક-ડ**

| ક્રમ | આઈ.ટી સંસાધનનું નામ | નંગ | ખર્ચની રકમ (કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એકઝેકયુટીવ ટેબલ | ૨૫ | ૦.૦૫ |
| ૨ | એકઝેકયુટીવ ખુરશી | ૨૫ | ૦.૦૨ |
| ૩ | ઓફીસ ટેબલ | ૧૯૦ | ૦.૨૮ |
| ૪ | ઓફીસ ખુરશી | ૧૯૦ | ૦.૧૫ |
| ૫ | વિઝીટર ખુરશી | ૮૦ | ૦.૦૬ |
| ૬ | સોફા | ૧૨ | ૦.૦૩ |
| | કુલ | ૫૨૨ | ૦.૬૦ |

<u>**શરતો :-**</u>

i. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
ii. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
iii. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
iv. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
v. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

vi. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

vii. વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

viii. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગનાતા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

ix. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

x. સબંધિત ખાતાના વડાએ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા.૦૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

xi. જે તે જગ્યાઓના પગાર-ધોરણો R.O.P.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સબંધિત ખાતાના વડાની રહેશે.

xii. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાઓના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

xiii. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

xiv. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે સબંધિત ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

xv. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

xvi. કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

xvii. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

xviii. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

xix. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ ઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો સબંધિત ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ વહીવટી વિભાગને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

xx. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ) ની પૂર્વ મંજૂરી વહીવટી વિભાગ મારફત મેળવી લેવાની રહેશે.

xxi. આઉટસોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

xxii. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

xxiii. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

xxiv. સબંધિત ખાતાના વડાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે.

xxv. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત ખાતાના વડાએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે.

xxvi. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

xxvii. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

xxviii. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

xxix. નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

xxx. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

xxxi. સદર બાબતનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫ પછી કરવાનો રહેશે.

**આઈ.ટી. સંસાધનો ખરીદવા અંગેની શરતો :-**

i. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ii. આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

iii. ગુજરાત સરકારના ઉધ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

iv. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત ખાતાના વડાની થશે.

v. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના

અનુસંધાને ઉચિત કાર્યવાહી થઈ શકે.

vi. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

vii. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

viii. નવી મશીનરી, આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

ix. નવી મશીનરી, આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

x. નવી મશીનરી, આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

xi. નવી મશીનરી, આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

xii. જો કોઈ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

xiii. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

<u>**આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો :-**</u>

i. સાયબર એક્ષપર્ટ, ડાર્ક વેબ એક્ષપર્ટ, ક્રિપ્ટો એક્ષપર્ટ, ઈથિકલ હેકિંગ એક્ષપર્ટ, નેટવર્ક એડમિનિસ્ટ્રેટર અને ડેટા એનાલિસિસ એક્ષપર્ટની સેવાઓ GIL માન્ય દરે મળવાપાત્ર માસિક મહેનતાણા થી આઉટસોર્સથી મેળવવાની રહેશે.

ii. કાયદા અધિકારીની સેવાઓ માસિક રૂ.૬૦,૦૦૦/- ના મહેનતાણા થી ૧૧ માસના કરારથી મેળવવાની રહેશે.

iii. પટાવાળા ની સેવાઓ લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબના મહેનતાણાથી આઉટસોર્સથી મેળવવાની રહેશે.

iv. ખાતાના વડાએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા. ૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

v. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

vi. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

vii. ખાતાના વડાએ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

viii. ખાતાના વડાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા,

ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે. ખાતાના વડાએ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે.

ix. મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

x. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

xi. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

xii. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

xiii. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

xiv. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

xv. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

<u>નવું વાહન ખરીદવા અંગેની શરતો :-</u>

i. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

ii. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

iii. વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૧૩/૩૧૯/ઘ ની ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

iv. નવા ખરીદેલ વાહન ની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

v. નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.

vi. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

vii. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત

ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

viii. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

ix. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયીતેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

x. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

xi. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

xii. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

xiii. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**<u>ફર્નિચર ખરીદવા અંગેની શરતો :-</u>**

i. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ii. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

iii. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

iv. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહી.

v. ફર્નિચરનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

vi. ફર્નિચર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

vii. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્ધારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

viii. નવા સાધનો ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

ix. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

x. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્ધારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

xi. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

xii. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

xiii. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

xiv. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

xv. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

xvi. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

xvii. બાંધકામને અનુરૂપ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં (નોર્મ્સ અનુસાર) કરકસરપૂર્વક વિભાગ કક્ષાએથી વિગતવાર ચકાસણી કરીને ફર્નિચર ખરીદવાનુ રહેશે.

આ અંગેનો મહેકમને લગતો ખર્ચ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની જોગવાઈ મુજબ “માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ, પેટા સદર : ૦૧ – MEP-6 જિલ્લા પોલીસ ખુદ” ખાતે ઉધારવાનો રહેશે.

આ અંગેનો વાહન ખર્ચ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની જોગવાઈ મુજબ “માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૪૦૫૫-પોલીસ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૨૦૭, પેટા સદર : ૦૨” ખાતે ઉધારવાનો રહેશે.

આ અંગેનો આઈ.ટી. સંસાધન ખર્ચ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની જોગવાઈ મુજબ “માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૪૦૫૫-પોલીસ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૨૦૭, પેટા સદર : ૦૧” ખાતે ઉધારવાનો રહેશે.

આ અંગેનો ફર્નિચર ખર્ચ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની જોગવાઈ મુજબ “માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૪૦૫૫-પોલીસ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૨૦૭, પેટા સદર : ૦૩” ખાતે ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકારની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી(ગૃહ)ની તારીખ ૦૭/૦૪/૨૦૨૫ની અને અગ્ર સચિવશ્રી(નાણા વિભાગ)ની તારીખ ૦૪/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મોદી

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક, ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા/ આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી

Signature Not Verified

Signed by:Ronak Modi
Under Secretary
Date:2025.04.09
18:18:04 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign